# અંતરમેળ



કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઈન્ડિયા, મુંબઈ

મે-ઑગષ્ટ ૨૦૦૮ વર્ષ ૧ અંક ૧ પૃષ્ઠ ૮ રૂ. ૨/-

## જે. કૃષ્ણમૂર્તિ

જે. કૃષ્ણૂમૂર્તિનો જન્મ ૧૧ મે ૧૮૯૫ ના દિને આંધ્રપ્રદેશમાં આવેલા મદનપલ્લીમાં થયો હતો. નાનપણથી જ વિરક્ત ભાવ ધરાવતા આ માતૃભક્ત સાત્વિક બાળકને ૧૫ વર્ષ ની ઉંમર માં થિયોસોફીકલ સોસાયટી દ્વારા ‘જગદ્‌ગુરુ’ બનાવવા માટે પસંદ કરવામાં આવ્યા હતા.

અનેક સ્થિત્યંતરનો પાર કરતા જગદ્‌ગુરુપદને નકારીને, કૃષ્ણજીએ તેમને થયેલા આધ્યાત્મિક સાક્ષાત્કારના આધારે મનુષ્ય ને બંધનમુક્ત કરવાની પ્રતિજ્ઞા લીધી. તે દિવસ હતો ૨જી ઑગષ્ટ ૧૯૨૯. ત્યાર પછી તેમને આત્મસાત થયેલું ‘સત્ય’ સર્વલોકો સુધી પહોંચાડવા વિશ્વભ્રમણ કરતા વ્યાખ્યાન અને સંવાદના માધ્યમ દ્વારા લોકોને જાગ્રત કરવાનો પ્રયત્ન કર્યો. “સત્ય એ પંથ વિનાની ભૂમિ છે.’’ ("Truth is a Pathless land"), કોઈ પણ માનવ નિર્મિત ધર્મ દ્વારા, પંથ દ્વારા મનુષ્ય સત્ય સુધી જઈ શકતો નથી. સત્ય તો તમારી અંદર જ છે. તેની શોધ તો સ્વયં તમારે જ કરવાની છે. કોઈ પણ ગુરુ તમને મુક્તિ અપાવી શકે નહીં’’ - આ સત્યને તેમના જીવન અંત સુધી તેઓ કહેતા રહ્યા.

જે. કૃષ્ણમૂર્તિ ૧૭ ફેબ્રુઆરી ૧૯૮૬ ના રોજ ૯૦ વર્ષની ઉંમરે અનંતમાં વિલીન થઈ ગયા.

## સંપાદકિય

**‘અંતર્મેળ’** નો પહેલો અંક પ્રકાશિત કરતા કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઈન્ડિયા, મુંબઈ સ્થિત સંસ્થાને ઘણાજ આનંદ ની અનુભૂતિ થાય છે. અમે હાથ ધરેલા કાર્યક્રમના ઉપક્રમનો આ એક મહત્ત્વનો ભાગ છે. આધુનિક સમયના મૂળગત વિચારવંત જે. કૃષ્ણમૂર્તિના વિચારોને આ પત્રિકા દ્વારા લોકો સુધી પોહચાડવાનું અમારું મનોગત છે.

‘આત્મજ્ઞાન’ એ કૃષ્ણમૂર્તિના શિક્ષણનું મૂળ હાર્દ છે. જેઓ ને મનુષ્યના હિતની અપેક્ષા હતી એવા ઘણા વિચારવંતો એ સ્વયં ની શોધ લેવાની વાત કરી છે. મનુષ્યનું દુઃખ, એક બીજા સાથેના સંબંધમાં ઘર્ષણ, સ્વયમાં માનસિક ઘર્ષણ અને હિંસા આ બધાનો ઉદ્‌ગમ શામાં છે, એની શોધ લેવી એટલેજ આત્મજ્ઞાન, અને આ જ્ઞાન ની આપણને આપણા દૈનિક જીવનમાંથી જ પ્રતીતિ થાય છે. આત્મજ્ઞાનના અર્થ અને સમજણને તર્કશુધ્ધ પધ્ધતિ અને વિશદ પણે કહેનાર જે. કૃષ્ણમૂર્તિ એકમેવ એવા વિચારવંત હતા. કોઈપણ પ્રકારની ખોટી આશા ન આપતા, મનુષ્યને પોતે જાગ્રત થઈ ઘણાભાગે પોતાની યથાશક્તિ પ્રમાણે પોતાના અંતરમનમાં નિહાળવાનું કહે છે. આ રીતે આંતરિક અવલોકન કરવાથી બાહ્યવ્યવસ્થાને સંભાળી શકાય છે એમ તેમનું કહેવું છે. વિશ્વની ગંભીર સ્થિતિ, યુધ્ધ, ભ્રષ્ટાચાર, આતંકવાદ, ગરીબી, દુઃખ, પર્યાવરણનો નાશ, શક્તિશાળી મનુષ્ય દ્વારા અન્યનો અને નિસર્ગનો અમાનવીય રીતે ઉપયોગ આ ભયજનક બાબતનું ચિત્રિકરણ ઘણાજ સરળ શબ્દોમાં મનની ઉત્કટતા પૂર્વક કૃષ્ણમૂર્તિ આપણી સામે રજુ કરે છે. આ બધી જ વાતનું ઉદ્‌ગમ સ્થાન આપણા અંતકરણમાં છે. એ સમજી લેવું. આંતરિક પરિવર્તન ની કેટલી જરૂર છે, એ વિષે કૃષ્ણજી ઘણા જ આર્તહૃદયથી કહેતા રહ્યા. આ માટે ૫૦ થી ૬૦ વર્ષો સુધી લોકોની સાથે સંવાદ સાધ્યો. પ્રેમ અને કરુણાને કારણે મનુષ્ય સાથે બોલતા રહ્યા.

કૃષ્ણજીને અભિપ્રેત એવું આ પરિવર્તનને લાવવાની ઉર્જા પ્રેમમાં રહેલી છે. પરંતુ આ સર્વસ્પર્શી, સર્વવ્યાપી, દિવ્યપ્રેમ માટે કોઈ ધર્મની અંધશ્રધ્ધા પ્રમાણેનું આત્મજ્ઞાન નહીં. પણ પોતાના અંતકરણમાં, પ્રત્યક્ષપણે આપણું મન શું કરી રહ્યું છે તેનું નરીક્ષણ કરવા કૃષ્ણજી આપણ ને કહે છે. આ એક અત્યંત પ્રભાવશાળી જ્યોતિ છે. ફક્ત તમારી આંખો પર પડળ ન હશે તો તે સર્વ કોઈ માટે છે. સામાન્ય મનુષ્ય માટે તે તે સૂર્યના પ્રકાશ જેવી જ્યોતિ છે. કૃષ્ણજી નું શિક્ષણ સુગંધ ફેલાવતી મંદ મંદ વહેતી હવા જેવું સુખદ છે. બંધનમાંથી મુક્ત કરનારું પ્રભાવશાળી છે. પરિવર્તન લાવી શકે એવું સમર્થ છે. એકાદ વખત તેમના શિક્ષણના હાર્દનો દોર તમને પકડાયો તો તે શિક્ષણ તમારું પ્રફુલ્લન કરશે. અહીં નથી ભ્રમ, નથી કોઈ સ્વપ્ન કે નથી ઉદાસીનતા. ફક્ત તે ખુલ્લુ વાસ્તવિક સત્ય છે. અને કૃષ્ણજી કહે છે. ‘‘તે વાસ્તવિક્તા સાથે રહેવું એજ મુક્તિ નો એકમેવ માર્ગ છે. અને સ્વજ્ઞાન માં જ તેનો ઉકેલ અને પરિર્વતન છે’’

આ ઘણું આદર્શવાદી લાગે છે છતાં પણ તે વાસ્તવિક છે, જટીલ હશે પણ અશક્ય નથી. તે કોઈ વિશિષ્ટ લોકો માટે નથી, તે તમારા મારા જેવા સર્વ સામાન્ય મનુષ્ય માટે છે. આપણ ને તે અઘરું લાગે છે. કારણ કે મનુષ્યે ભૂલ ભરેલો જે માર્ગ પકડ્યો છે અને

તે માર્ગ પર તે ઘણો આગળ નીકળી ગયો છે. પણ હજી પણ તે દિશા કે માર્ગ બદલી શકાય એમ છે, સુગમ લાગતો માર્ગ જો ખોટો હોય તો તે માર્ગ પર આગળ ચાલવાનો શો અર્થ? અહીં એક સુફી સંતની વાત કહેવી યોગ્ય લાગે છે.

એક રાત્રીએ મુલ્લા નશિરુદ્દીન રસ્તા પરની બત્તીની નીચે કંઈક શોધતા હતા. એક રાહદારીએ તેમને જોયા અને તેમને પુછવા લાગ્યો શું ખોવાઈ ગયુ છે મુલ્લા?

મુલ્લા : ચાવી.

રાહદારી : ક્યાં ખોવાઈ ગઈ હતી?

મુલ્લા : પેલે ત્યાં, જ્યાં અંધારુ છે ત્યાં.

રાહદારી : તો તમે અહીં શા માટે શોધો છો?

મુલ્લા : કારણ કે અહીં ઉજેડ છે માટે.

અનેક સંતો અને વિચારવંતો એ નિર્દેશ કરેલા ખરા માર્ગને છોડી આપણે આપણો મનગમતો સરળ માર્ગ બનાવી તે પર ચાલીએ છીએ. માર્ગ સરળ છે કે અઘરો છે તે પ્રશ્ન નથી, કિંતુ માર્ગ ખોટો છે કે ખરો એ મુદ્દાની વાત છે.

કૃષ્ણજી કહે છે, ''જે મનુષ્ય સ્વયં ને સમજી લે છે તેના હૃદયમાં પ્રેમ, પ્રજ્ઞા અને સર્જનશીલતા ઉદ્દભવી શકે''. અનન્ય એવા પ્રેમનો કોઈ પર્યાય નથી. સર્વ મનુષ્ય માટે સંપૂર્ણ જવાબદારીની ભાવના હોવી એજ 'પ્રેમ' છે એવું આપણે નિશ્ચિતપણે કહી શકીએ. એવો પ્રેમજ સમાજની વર્તમાન પરિસ્થિતિમાં પરિવર્તન આણી શકે.

આ પ્રેમ ક્યાંથી આવશે? આપણે જેને પ્રેમ કહીએ છીએ, તેના કરતા કૃષ્ણજીની પ્રેમ વિશે ની વ્યાખ્યા તદ્દન જુદી છે. તેમના મતે પ્રેમ પરિવર્તિત થયેલા મનની પરિણતિ છે. આવા મનમાં સંસ્કારને સ્થાન નથી તે નવા ને સમજવા માટેનું રિક્ત મન છે, તે તરોતાજું મન છે. તેના પર જૂના ભૂતકાળનો પ્રભાવ નથી હોતો.

'અંતર્મેળ' ના આ પ્રથમ અંક માં કૃષ્ણજીને અભિપ્રેત એવું આમૂલ પરિવર્તન-પ્રક્રિયાની આપણે શોધ કરવાની છે. તેનો અપરોક્ષ અંદાજ બાંધવા કરતા 'પરિવર્તન એટલે શું' એ કૃષ્ણજી ના જ શબ્દો દ્વારા સમજિ લઈએ.

## શું પરિવર્તન જેવી કોઈ બાબત છે ખરી? પરિવર્તન થવું એટલે શું?

જ્યારે તમે નિરીક્ષણ કરતા હો, રસ્તા પર પડેલો કચરો ધૂળ જુઓ છો, રાજકીય નેતાઓ કેવી રીતે વર્તે છે, તમારી પત્ની તેમજ બાળકોને જુઓ છો ત્યારે તમારું વલણ કેવું હોય છે તે તમે બરોબર જોતા હોવ વગેરે એવું જે જોતા હોવ, ત્યારે પરિવર્તન ત્યાં ઉદ્દભવે છે. તમને આ સમજાય છે? આપણા દૈનિક જીવનમાં સુવ્યવસ્થા આણવી તેજ પરિવર્તન છે. પરિવર્તન એ જગતની બહાર ની બાબત નથી, એવું કંઈક અનન્યકે અવનવું નથી. જ્યારે આપણે સ્પષ્ટતાપૂર્વક વિચારતા નથી, તટસ્થપણે મૂળભૂત રીતે જોતા નથી, એ હકીકત ને ધ્યાનથી જુઓ ત્યારે તત્કાલ ત્યાં પરિવર્તન ઉદ્દભવે છે, અને તે છૂટી જાય છે. તમારી વર્તણુક બદલાય જાય છે. એટલે ત્યાં પરિવર્તન હોય છે. જો તમે ઈર્ષાળુ હોવ તો તે માટે અવધાન રાખો, તેને દક્ષતાપૂર્વક જુઓ. પણ તેને વધવા માટે કે વિકસવા માટે મોકો નહીં આપો, તરત જ બદલો. એ પરિવર્તન થયું. જ્યારે તમે લોભી, હિંસક, મહત્વાકાંક્ષી, કે પવિત્ર પૂણ્યવાન સંત બનવા માટે પ્રયત્ન કરતા હો, ત્યારે નિહાળો કે તે તદ્દન અર્થહીન એવા પ્રબળ જગનું નિર્માણ કરે છે. મને ખબર નથી કે તમે આ બાબતથી સભાન છો કે નહી. તુલના અને સ્પર્ધા આ વિશ્વનો નાશ કરે છે. વિશ્વ વધારે ને વધારે સ્પર્ધાત્મક થતું જાય છે. અને ભયંકર આક્રમક બનતું જાય છે. અને જો તમે તમારું આ વલણ તુરંત બદલી નાખો તો એ પરિવર્તન થયું. અને જો તમે સમસ્યાના ઊંડાણ સુધી જાવ, ત્યારે એ સ્પષ્ટ થશે કે વિચાર પ્રેમ ને નકારે છે. માટે આપણે એ વસ્તુ શોધવી જ રહી કે શું વિચારનો અંત હોઈ શકે? કાળનો પણ અંત હોઈ શકે? આ વાતને તત્વજ્ઞાનનું રૂપ આપી તેના પર ચર્ચા કરતા ના રહો. પણ શોધી કાઢો તેજ ખરેખરું પરિવર્તન છે. જ્યારે આ પ્રશ્નમાં તમે ઊંડા ઊતરશો તો તમને સમજાશે કે કંઈક બનવાનો વિચાર, તુલનાનો વિચાર કદી પણ પરિવર્તન નથી. એ એક એવી અવસ્થા કે જેમાં આપણે કાંઈ જ નથી.

*મીટીંગ લાઈફ*
*સંવાદ, મદ્રાસ ૧૯૮૧*

## સહ્યાદ્રી અધ્યયન કેન્દ્ર વિષે



કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઈન્ડિયા ના નેજા હેઠળ ચાલતી સહ્યાદ્રી સ્કુલના પરિસરમાં સહ્યાદ્રી અધ્યયન કેન્દ્ર એ કૃષ્ણજીના શિક્ષણનો અભ્યાસ કરવા ઈચ્છતી વ્યક્તિ માટે ૧૯૯૮ ની સાલમાં સ્થાપવામાં આવ્યું છે. આ અભ્યાસકેન્દ્ર પૂના શહેરથી ૬૦ કિ.મી. દૂર રાજગુરુ નગરની નજીક તિવઈના ડુંગર પર અત્યંત નૈસર્ગિક વાતાવરણમાં છે. આસપાસ સહ્યાદ્રી ડુંગરની હારમાળ અને નીચે વહેતી સુરમ્ય ભીમા નદી છે.

અહીં આવા શાંત વાતાવરણમાં મનની શાંતિ સાથે રહી સ્વયંની શોધ કરવા ઈચ્છતા અભ્યાસુ માટે એક અધ્યયન કક્ષની વ્યવસ્થા તેમજ કૃષ્ણમૂર્તિના અને ઇતર પુસ્તકો, ડીવ્હીડી રાખવામાં આવ્યા છે. અંહી રહેવા અને જમવાની સગવડ ઉપલબ્ધ છે. અંહી મહિનામાં એક વખત ૫ થી ૭ દિવસની વિશેષ કાર્યશાળાનું આયોજન કરવામાં આવે થે.

સંપર્ક માટે સરનામું

સંચાલકઃ કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર, સહ્યાદ્રી, પોષ્ટ-તિવઈ હીલ,
તાલુકાઃખેડ (રાજગુરુ નગર), જિલ્લોઃ પૂના, પીનઃ૪૧૦૫૧૩ મહારાષ્ટ્ર
ફોનઃ (૦૨૧૩૫) ૨૮૮૭૭૨, ૨૮૮૩૪૮, ૨૮૪૩૪૬
ઇમેલઃ kscskfi@gmail.com Website:http:// www.kscskfi.com

# પરિવર્તન એટલે શું ?

**આમૂલાગ્ર** ક્રાંતિ થવી એ અત્યંત જરૂરનું છે એ તો સ્પષ્ટ છે. જગતની વિકટ પરિસ્થિતિમાં તેની ગરજ છે. આપણા જીવનની તે ગરજ છે. આપણા જીવન ના નિત્ય પ્રસંગો, રોજ નો વ્યવહાર અને તેની દરકાર માટે તે આવશ્યક છે. આપણી સામે ઊભી થતી સમસ્યા માટે પણ તેની આવશ્યકતા છે. આપણી અંદર અને બહાર બધુ જ નિષ્ફળ થયું છે. માટે જ પાયાભૂત આમૂલ ક્રાંતિ અત્યંત આવશ્યક છે. ઉપલક નજરે વ્યવસ્થા હોય એવું ભાસે છે પરંતુ અંદરથી બધું જ ખવાય ગયેલુ અને નષ્ટ થઈ રહ્યું છે. વિનાશનું મોજું જીવનના તરંગને સતત ઘેરી રહ્યું છે.

માટે જ ક્રાંતિ થવી જોઈએ પણ કોઈ કાલ્પનીક આદર્શ પર આધારિત ક્રાંતિ નહીં. આવી ક્રાંતિ આમૂલગ્રા પરિવર્તન નથી પણ કોઈ વિચારનું એક રૂપ છે. વિચાર પર રચાયેલી ક્રાંતિથી રક્તપાત વિખવાદ અને અવ્યવસ્થા ઉદ્દભવે છે. અવ્યવસ્થા માંથી સુવ્યવસ્થા રખી શકાય નહીં. ઈરાદા પૂર્વક અવ્યવસ્થાનું નિર્માણ કરો અને પછી એ અવ્યવસ્થા માંથી વ્યવસ્થા લાવવાની આશા એ ફોકટ છે. ગૂંચવાડા માંથી સુવ્યવસ્થા લાવવા માટે ઈશ્વરે ખાસ તમને પસંદ કરેલા નથી. વ્યવસ્થા લાવવાને માટે જેઓ વધારે ને વધારે ગૂંચવાડો ઉત્પન્ન કરે છે એવા માણસોની વિચાર કરવાની આ ખોટી રીત છે. અત્યારે એમની પાસે સત્તા છે. એટલે તેઓ એમ માની લે છે કે વ્યવસ્થા લાવવાની બધી જ રીતોની અમને ખબર છે. નિરંતર થતા વિગ્રહો, વર્ગો અને પ્રજાઓ વચ્ચે નિરંતર થતું ઘર્ષણ, ભયજનક આર્થિક અને સામાજિક અસમાનતા, શક્તિ અને બુધ્ધિની અસમાનતા. જેઓ અતિશય સુખી અને નિશ્ચિત છે અને જેઓ દ્વેષ, ઘર્ષણ અને દુઃખ માં સપડાયેલા છે એ બ વચ્ચેનું અંતર - આ આખો ઉત્પાત જોતાં ક્રાંતિ થવી જોઈએ, સંપૂર્ણ આમૂલ પરિવર્તન થવું જોઈએ એમ શું આપણને નથી લાગતું ?

આ પરિવર્તન, આ મૂળભૂત ક્રાંતિ, શું કોઈ અંતિમ વસ્તુ છે, કે પળે પળે થાય છે ? એ અંતિમ વસ્તુ હોય એ આપણને ગમે છે એમ હું જાણું છું કારણ કે ભવિષ્યની દૃષ્ટિએ વિચાર કરવો એ ઘણું સહેલું છે. છેવટે આપણું પરિવર્તન થશે. અંતે આપણે સુખી થઈ અંતે આપણે સત્ય પ્રાપ્ત કરીશું. એ ન થાય ત્યાં સુધી જેમ ચાલે છે તેમ ચાલવા દઈએ. ભવિષ્યની દૃષ્ટિ થી વિચાર કરતું મન વર્તમાન માં કાર્ય કરવા અસમર્થ છે. માટે આવું મન પરિવર્તન શોધતું નથી, એતો પરિવર્તનથી દૂર જ રહે છે. પરિવર્તન એટલે શું એ વિષે આપણે શું કહેવા માગીએ છીએ ?

પરિવર્તન ભવિષ્યમાં થતું નથી, ભવિષ્યમાં કદી પરિવર્તન થઈ શકે નહીં. પરિવર્તન અત્યારે જ, આ પળે જ, થઈ શકે. એટલા માટે પરિવર્તન નો શું અર્થ હોઈ શકે ? ખરેખરમાં એનો જવાબ બહુ સરળ છે. અને તે એ કે ખોટાને ખોટા તરીકે અને સાચાને સાચા તરીકે જોવું. અસત્યમાં રહેલા સત્યને જોવું, અને જેને સત્ય તરીકે માની લીધું હોય એમાં રહેલા અસત્યને જોવું એ પરિવર્તન છે. અસત્યને અસત્ય તરીકે જોવું સત્યને સત્ય તરીકે જોવું એ પરિવર્તન કહેવાય. કારણ કે જ્યારે તમે કોઈ પણ બાબત ને સત્ય તરીકે સ્પષ્ટપણે જુઓ છો ત્યારે તે સત્ય મુક્ત કરે છે. જ્યારે કોઈ વસ્તુ ખોટી છે એમ તમે સમજો છો ત્યારે તે ખોટી વસ્તુ ખરી પડે છે. જ્યારે તમે એ સમજો કે ક્રિયાકાંડ કેવળ અર્થહીન પુનરાવર્તન છે, ત્યારે ત્યારે એનું સત્ય તમે સમજો છો અને તેને સાચું ઠેરવવા પ્રયત્ન કરો નહીં ત્યારે પરિવર્તન થાય છે. શું એમ નથી થતું ? કારણ કે એક બીજું બંધન જતું રહે છે. જ્યારે તમે વર્ગભેદ અસત્ય છે, એ મનુષ્ય વચ્ચે ઘર્ષણ, દુઃખ અને જુદાઈ ઉત્પન્ન કરે છે. જ્યારે આ સત્ય તમે સમજો છો, અને એ સત્ય જ તમને મુક્ત કરે છે. એ સત્યનું દર્શન પરિવર્તન છે, નહીં કે ? આપણે ઘણી જ અસત્ય વસ્તુથી ઘેરાયેલા છીએ. એટલે પ્રતિક્ષણે અસત્યને જોવું એજ પરિવર્તન છે. સત્ય ક્રમે ક્રમે વધતું જતું નથી. એ તો પળે પળમાં હયાત છે. જે ઉતરોતર વધે છે, જેનો સંચય થાય છે એતો સ્મૃતિ છે. અને સ્મૃતિના આધારે તમે સત્ય કદી પ્રાપ્ત કરી શકો નહીં. કારણ કે સ્મૃતિ સમયની, એટલે કે ભૂતકાળની, વર્તમાનકાળની અને ભવિષ્યકાળ મર્યાદાનું છે. જે કાળના દાયરામાં રહે છે તે કદી પણ અનાદિ અનંતને પ્રાપ્ત કરી શકે નહીં. અનાદિ અનંત એ જારીપણું નથી. જે વિશિષ્ટ કાળ માટે ટકી રહે તે અનાદિ અનંત નથી. અનંતતા આ ક્ષણે, વર્તમાનમાં જ રહેલી છે. વર્તમાન એ ભૂતકાળનું પ્રતિબિંબ નથી કે વર્તમાનમાં થઈને ભવિષ્ય તરફ જતા ભૂતકાળનું સાતત્ય નથી.

જે મન ભવિષ્યમાં પરિવર્તનની ઈચ્છા રાખે છે અગર પરિવર્તન એ એક અંતિમ ધ્યેય છે એમ સમજે છે એવું મન કદી પણ સત્ય પ્રાપ્ત કરી શકે નહીં. કારણ કે સત્ય એ પળે પળે આવિર્ભાવ થતું નૂતન છે. પ્રત્યેક પળે તેને નવિનતાથી શોધવું જોઈએ સ્મૃતિ વડે કોઈ નવાની શોધ થઈ શકે નહીં જો જૂના નો બોજો હોય તો નવાને તમે કેવી રીતે શોધી શકો ? એ ભારનો અંત આવે તો જ નવાને તમે શોધી શકો. નૂતન અને અનંતને, પળે પળે, વર્તમાનમાં શોધવા માટે માણસનું મન અસાધારણ રીતે જાગ્રત હોવું જોઈએ, એનું મન કોઈ પરિણામ શોધતું હોવું ન જોઈએ. એ કંઈક બનવાનો પ્રયત્ન કરતું હોવું ના જોઈએ. જે મન કંઈ બનવાનો પ્રયત્ન કરી રહ્યું છે એ મન તૃપ્તિનો પૂર્ણ આનંદ જાણી શકે નહીં, તૃપ્તિનો સંતોષ નહીં. કોઈ પરિણામ પ્રાપ્ત કર્યાનો સંતોષ નહીં. પણ જે છે એનું સત્ય અને અસત્ય મન સમજે ત્યારે તૃપ્તિ ઉદ્દભવે છે અને તેજ તૃપ્તિ છે એ સત્યનું દર્શન પ્રત્યેક ક્ષણે ક્ષણે છે. અને અત્યારે જે છે એને શબ્દોમાં ઉતારવાની ક્રિયાથી એ દર્શન થંભી જાય છે.

પરિવર્તન એ કોઈ અંતિમ પરિણામ નથી, પરિવર્તન એ અંત પણ નથી. પરિણામ માં કાર્ય કારણ સમાવિષ્ટ છે, જ્યાં કારણ છે ત્યાં કાર્ય છે જ. પરંતુ કાર્ય, પરિણામ, ફળ એટલે પરિણામ કે પરિવર્તન પ્રાપ્ત કરવાની તમે ઈચ્છા ધરાવો છો ત્યારે તમે કંઈક બનવાની દૃષ્ટિ થી વિચાર કરી રહ્યા છો જે કાંઈ થવા મંથે છે એજે છે એને ઓળખી શકતા નથી. સત્ય એ એવી અવસ્થા જેમાં પળે પળે ભૂતકાળ નો અંત છે, અને સુખની સાતત્યતા હોય તે સુખ નથી. સુખની

અવસ્થા કાળથી પર છે. જે અસંતોષ ને નાસી જવા માટે દ્વાર મળ્યું હોય એવો અસંતોષ નહીં પણ જે અસંતોષ માટે કોઈ છટકબારી કે દ્વાર રહ્યા ન હોય જે અસંતોષ કોઈ પ્રાપ્તિ કે સમાધાન શોધતો ન હોય એવો પ્રચંડ અસંતોષ હોય ત્યારે જ એ કાલાતીત અવસ્થા આવે છે. એ સત્ય ખરીદી શકાતું નથી, પુસ્તકો માં એને પૂરી શકાતુ નથી. એનુ પુનરાવર્તન થઈ શકતુ નથી. કે એ વેચી શકાતું નથી. આનંદમાં, આંસુમાં, સુકા પર્ણોમાં, ભટકતા વિચારોમાં, પ્રેમની ભરપૂરતામાં એને ક્ષણે ક્ષણે શોધવું રહ્યું.

પ્રેમ સત્યથી અલગ નથી. પ્રેમ એ એવી અવસ્થા છે જેમાં કાલરૂપી વિચારની પ્રક્રિયાનો સંપૂર્ણપણે અંત આવ્યો હોય. જ્યાં પ્રેમ છે ત્યાં પરિવર્તન છે. પ્રેમ વિના ક્રાંતિનો કોઈ અર્થ નથી કારણ કે એવી ક્રાંતિ ફક્ત વિનાશ, સડો, વધતું જતું ભારે ને ભારે દુઃખ જ છે. જ્યાં પ્રેમ છે ત્યાં ક્રાંતિ છે. કારણકે પ્રતિક્ષણે પરિવર્તન એજ પ્રેમ છે.

*મુક્ત જીવન*

*પ્રકરણ ૩૮ - 'પરિવર્તન'*

# પરિક્ષણ

## 'પરિવર્તન નો પડકાર'

જે કૃષ્ણમૂર્તિની બાબતમાં 'ધી ચેલેંજ ઑફ ચેન્જ' ('The Challenge of Change') આ ચરિત્રાત્મક દસ્તાવેજી ચિત્રપટ કૃષ્ણજીની હયાતીમાં કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઑફ અમેરિકા આ સંસ્થા દ્વારા અંગ્રજી ભાષામાં નિર્માણ કરવામાં આવ્યું. માયકલ મેંડિઝા એ દિગ્દર્શિત કર્યુ છે. આ ચિત્રપટ નું ગુજરાતી સંસ્કરણ (ડબિંગ) ફાઉન્ડેશન ના મુંબઈ કેન્દ્ર દ્વારા કરવા માં આવ્યું છે. કૃષ્ણમૂર્તિનાં અનન્ય એવા વ્યક્તિત્વને, તેમનું ઉછેર, તેમનું સચોટ અને તેજસ્વી તત્વજ્ઞાન અને નાટ્યમય જીવનનું માહિતી સભર ચિત્રપટ ગુજરાતી અભ્યાસુ વ્યક્તિ માટે એક પૂરવણી સમાન છે.

આ ચિત્રપટ ને ૧૮૮૧ થી ૧૯૮૩ સુધીના દિર્ઘ એવા કાલખંડની પાર્શ્વભૂમિ મળી છે. ચિત્રપટની શરુઆત કૃષ્ણમૂર્તિના કેટકાલ વિલક્ષણ એવા સત્યદર્શી વાક્યોથી થાય છે. વિચાર કદી સ્વાભાવિક રીતે પવિત્ર નથી હોતો, એ તેમણે ઘણી સરળભાષામાં સમજાવ્યું છે, અને પછી પ્રશ્ન કરે થે ત્યારે પવિત્ર શું છે ? આ ભેદક સવાલનો તેટલોજ તર્કસંગત ઉત્તર પણ આપે છે. આવિ વિલક્ષણ શરુઆત પછી પ્રેક્ષકોના ખ્યાલમાં આવે છે કે હવે આગળ આપણે જે કંઈ જોઈશું તે કંઈક જુદુ અને વિલક્ષણ હશે. અને ત્યાર પછી આપણે એક નિર્દોષ બાળકનું દૈવીકરણ કરવામાં આવ્યું ત્યાંથી લઈ અત્યંત મૂલગ્રાહી તત્વજ્ઞાનની માંડણી કરનાર અલૌકિક એવા સત્યદ્રષ્ટાના જીવનપ્રવાસને જોતાં, આપણને આશ્ચર્ય નો અનુભવ થશે.

એમાં બતાવવામાં આવેલા કૃષ્ણમૂર્તિના યુરોપ, અમેરિકા અને ભારતમાં આપેલા વ્યાખ્યાનો અને વિદ્યાર્થી સાથેના વાર્તાલાપ દ્વારા શ્રોતાઓને કૃષ્ણમૂર્તિનું તત્વજ્ઞાન અને દૃષ્ટિકોણ નો પરિચય થાય છે. એમાંના કેટલાક વિષય એટલે કે પરિવર્તનની ગરજ, સુવ્યવસ્થા, મુક્તિ, અરસ્પરના સંબંધ અને પ્રતિમા, ધર્મ, ધ્યાન, પ્રેમ અને છેવટે જીવન. આ બધા વિષય પરનું ભાષ્ય અત્યંત મર્મગ્રાહી છે. આ દસ્તાવેજી ચિત્રપટ ૧૯૬૦ સુધીના છાયાચિત્રો અને ચલચિત્રની ફિલ્મ નો ઉપયોગ કરી તૈયાર કરવા માં આવ્યું છે. માયકલ રૉજર્સ એ આપેલું પાર્શ્વસંગીત ઘણું જ સુશ્રાવ્ય છે. કૃષ્ણમૂર્તિના તત્વજ્ઞાનનો અનુવાદ કરવાનું આહવાન હર્ષદ દવે એ સુંદર રીતે નિભાવ્યું છે. ડબીંગ કરતી વખતે એ વાતનો ખ્યાલ રાખવામાં આવ્યો છે કે કૃષ્ણમૂર્તિનો અવાજ પ્રેક્ષકોને સંભળાય, આ માહીતીપટને વિશ્વસનીયતા ની પ્રાપ્તી થઈ છે.

ટુકમાં 'પરિવર્તનનો પડકાર' આ દસ્તાવેજી ચિત્ર પટ પ્રભાવી તો છે જ પણ તદ્ ઉપરાંત અભ્યાસુ માટે વસાવવાને યોગ્ય છે.

આ દસ્તાવેજી ચિત્રપટનું મરાઠી ભાષામાં પણ 'પરિવર્તના ચે આહવાન' એ નામે સંસ્કરણ કરવામાં આવ્યું છે.

આ ચિત્રપટ ની ડિવ્હીડી અને વ્હિસીડી અનુક્રમે રૂ.૧૫૦ અને રૂ.૧૦૦ માં ઉપલબ્ધ છે. મુંબઈ કેન્દ્રમાંથી મેળવી શકાશે.







## 'મુક્ત જીવન'

('First and Last Freedom')

વિશ્વભરમાંથી જે. કૃષ્ણમૂર્તિના વિચાર અને શિક્ષણની વ્યાપક સમજણ આપતા પુસ્તકની લોકો માં માગ હતી. એ વાતને ધ્યાનમાં લઈ ૧૯૫૪ માં એક બ્રિટીશ પ્રકાશકે ('First and Last Freedom') 'ફર્સ્ટ એન્ડ લાસ્ટ ફ્રીડમ' પુસ્તક પ્રકાશિત કર્યુ. એ પુસ્તકમાં 'આલ્ડસ્ હક્સ્લી' જેવા કુશળ લેખકે કૌશલ્યપૂર્ણ પ્રભાવશાળી પ્રસ્તાવના લખી સોનામાં સુગંધનો ઉમેરો કર્યો છે. આ પુસ્તકમાં જે. કૃષ્ણમૂર્તિના લખાણ અને ધ્વનિમુદ્રિત વાર્તાલાપના સંગ્રહમાંથી કાળજીપૂર્વક ચૂટી કાઢેલા વાર્તાલાપોને મુદ્રિત કરવામાં આવ્યા છે.

'મુક્ત જીવન' એજ પુસ્તકનો ગુજરાતી અનુવાદ છે. શ્રી હીરાલાલ બક્ષીએ એનો ગુજરાતી અનુવાદ કર્યો છે.

સુજ્ઞ વાચકને માનવજાતની મૂળભૂત સમકાલીન સમસ્યાની સમજણ આપતું અને માનવી માત્રની સમસ્યાને સુલઝાવવાનું આહવાન આપતું આ એક અનોખું એવું ઉત્તમ પુસ્તક છે. અને આ સમસ્યાના નિરાકરણનો માર્ગ, એકમેવ માર્ગ ફક્ત તમારી પોતાની પાસે જ છે.

આ પુસ્તકમાં માનવી જીવનને લગતા ઘણા મુદ્દાને આવરી લેવામાં આવ્યા છે. જેમકે જીવનમાં આવતી રસહીનતા, નિંદા, સ્વજ્ઞાન, સત્ય અને ઈશ્વર જેવા વિષયની સુંદર રજૂઆત છે. જેઓ કૃષ્ણમૂર્તિના વિચારોને સમજવા અને માણવા માગે છે. તેઓને આ પુસ્તક ઉત્તમ તક આપે છે.

*પૃષ્ઠ ૨૮૮ કિંમત રૂ.૧૮૦*

# સર જે.જે. સ્કુલ ઑફ આર્ટસ્‌માં કૃષ્ણમૂર્તિના વિષયમાં યોજવામાં આવેલા કાર્યક્રમને વિદ્યાર્થીઓનો ઉસ્ફૂર્ત પ્રતિસાદ





કૃષ્ણમૂર્તિ એ જે.જે. સ્કુલ ઑફ આર્ટસ માં નિસર્ગના સાનિંધ્યમાં સતત ૩૦ વર્ષ સુધી વિશાલ વૃક્ષની નીચે આજુબાજુ છવાયેલી વૃક્ષવેલીના સાનિંધ્યમાં પક્ષીઓના કલરવની સાથે મુંબઈવાશી જોડે સંવાદ સાધવાનો પ્રયત્ન કર્યો હતો. તેજ પરિસરમાં વિદ્યાર્થિઓના આ વર્ષના આનંદ ઉત્સવનાં કાર્યક્રમમાં કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશનનું મુંબઈ કેન્દ્ર સહભાગી થયું. ૨૩ થી ૨૬ ફેબ. સુધી ત્યાં આગળ જે. કૃષ્ણમૂર્તિના પુસ્તકો તેમજ વ્હીડીઓ ઑડિયો સીડીના વેચાણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો.

વિદ્યાર્થીઓમાં અને શિક્ષકો તેમજ પાલકોમાં કૃષ્ણમૂર્તિની બાબતમાં થોડી ઉત્સુક્તાનું નિર્માણ થયું એવું લાગતુ હતુ. કૃષ્ણમૂર્તિના જીવન ઉપર આધારિત શ્રી અરવિંદન, જે એક સમર્થ ચિત્ર દિગ્દર્શક છે, તેમના નિર્દેશન દ્વારા ફિલ્મ્સ ડિવીઝને ખાસ કૃષ્ણમૂર્તિ પર એક લઘુ ચિત્રપટ તૈયાર કરાવ્યું છે. 'ધ સિઅર હૂ વૉક્સ્‌ અલોન' ('The Seer Who Walks Alone') બતાવવાનો નિર્ણય કર્યો અને આમ ફરી એકવાર ૧૯૮૫ પછી કૃષ્ણજીનો અવાજ વાતાવરણમાં ફેલાયો.

ચિત્રપટ બતાવવા પહેલા પ્રસ્તાવના રૂપે ચાર શબ્દો કહેવામાં આવ્યા. આવા ઋષિતુલ્ય મનુષ્ય આ પૃથ્વીના પટ પર એકલા ચાલ્યા એનો અર્થ શું ? અફાટ એટલી સંપત્તી, હજારો શિષ્ય અને પ્રચંડ અપેક્ષાનાં કેન્દ્ર સ્થાને હતા, એક મોટા જનસમુદાયની સામે સંસ્કારિત કરવામાં આવેલા માર્ગ નો ત્યાગ કરી તેની સાથેનો સબંધ તોડી શેષ જીવન માનવજાતિના સંપૂર્ણ પરિવર્તન માટે કૃષ્ણમૂર્તિ વિશ્વભરમાં ભ્રમણ કરતા રહ્યા. જે ઉત્કટતા પૂર્વક તેઓ બોલતા હતા તેટલી ઉત્કટતા સુધી કોઈ પોહચ્યું હશે કે નહીં તેની ખબર નથી. એ દૃષ્ટિએ જોતા તેઓનો પ્રવાસ તેમના એકલાનો પ્રવાસ હતો.

એક વધુ બાબત વિદ્યાર્થીઓના ધ્યાનમાં લાવવા માટે પ્રયત્ન કર્યો, તે એક આર્ટસ સ્કુલના વિદ્યાર્થી ઓની કલાનું પ્રદર્શન હતુ. અત્યંત સુંદર કલાકૃતી દરેક બાબતમાં વિદ્યાર્થીમાં રહેલી સર્જન શક્તિની સાખ પૂરતી હતી. જોયેલી કૃતી ને જોવા માટે આંખ ફરીથી લલચાતી હતી. એવી સુંદર કલાનું વર્ણન કરવા માટે અહીં જગ્યા અપૂર્ણ પડે એમ છે. પરંતુ આ સુદરતાને ઈનામ અને તુલના નું ગ્રહણ ગ્રસિત કરી રહ્યું હતું. સૌંદર્યના નિર્માણમાં તુલનાત્મક ભાવના હોય તો તે સૌંદર્ય પૂર્ણ થતું નથી અને સૌંદર્યના નિર્માણનો આનંદ નષ્ટ થઈ જાય છે. તુલનાથી મુક્ત મન જ સર્જનશક્તિ ને વહેવા માટે મુક્ત માર્ગ આપી શકે. એ વાત સ્પષ્ટ કરવાનો પ્રયત્ન થયો. સર્વથી આનંદની વાત એ હતી કે આ સંદેશ વિદ્યાર્થીના મન સુધી પહોંચ્યો અને તેનો ઉસ્ફૂર્ત પ્રતિસાદ પ્રાપ્ત થયો. પ્રતિસાદની એવી કોઈ અપેક્ષા ન હતી પણ જે સંદેશ વિદ્યાર્થી સુધી પહોંચ્યો એ સમાધાનકારક હતું.

ચિત્રપટમાં કૃષ્ણમૂર્તિના જે. જે. સ્કુલમાં આપેલા વ્યાખ્યાનો નું મોટાભાગે ચિત્રિકરણ હતું ચિત્રપટના અંતમાં ત્યાંના છેવટના વાર્તાલાપ નું અતિસુંદર દૃશ્ય પડદા પર આવ્યું. કૃષ્ણજી એક નાના વ્યાસપીઠ પર બેઠા છે અને સામે મોટી સંખ્યામાં ઉપસ્થિત એવો શ્રોતાવર્ગ અત્યંત શાંતિપૂર્વક સાંભળી રહ્યો હતો. જીવન વિષે સંપૂર્ણપણે નવી એવી દૃષ્ટિ આપનાર એક અર્વાચિન એવા સંતની વાણી સાંભળનાર ને શું અનુભૂતિ થઈ હશે.



સર જે.જે. સ્કુલ ઑફ આર્ટસમાં કૃષ્ણમૂર્તી - ૧૯૮૫

# નકારાત્મતા એ ધ્યાનાવસ્થાનુ ઉચ્ચ સ્વરૂપ છે

પ્રશ્નકર્તા : પરિવર્તન એ કર્તવ્યની ભૂમિકાપર નથી.

કૃષ્ણમૂર્તિઃ શા માટે ? હું તત્કાળમાં પરિવર્તનને મહત્વ આપુ છું કાળના સંદર્ભમા નહી. સંપૂર્ણ પણે વિચારોનું નવજીવન, સ્પષ્ટતા અને સૃજનશીલતા ના સંદર્ભમાં નિહાળુ છું. હું મારી જાતને યાતનામાં નિહાળું છું. જો મને આવું પરિવર્તન પ્રાપ્ત થાય તો મારા જીવનનો કોઈ અર્થ છે. હું, માટે જે કંઈ બાબત મને પરિવર્તન તરફ લઈ જશે અને કંઈ બાબત મને વિચલિત કરશે એની શોધ કરતો પ્રવાસ કરું છું. તેને હું જાણી ને સમજી લઉં છું મારો નિશ્ચિત ઉદ્દેશ છે, સહેતુક પણ હું સરળતાથી આગળ વધું છું.

આ બાબત આપણે ઉદાહરણદ્વારા સ્પષ્ટ કરીએ માની લો કે હું એક સંપૂર્ણપણે બંધ એવા કિલ્લામાં રહેતો હોવું અને કોઈ આવીને કહે કે આ કિલ્લાની બહાર કંઈક વિલક્ષણ, આશ્ચર્યજનક છે. જે કંઈ કિલ્લાની દિવાલની બહાર છે, તે જો મારે જોવું હોય. અને તે જોવા માટે મારી બધી હાલચાલ કે કાર્ય કિલ્લામાં રહી ને કરું, તો તે એક વ્યર્થ પ્રયત્ન છે.જો હું કિલ્લાની દિવાલ તોડીને બહાર આવું તો જે કંઈ બહાર છે તે દૃશ્ય ની મને ઝાંખી થાય.

જ્યારે તમે કોઈ બાબતને સમજવા માગો. એક બાળકને કે એક ચિત્રને જો હું સમજવા ચાહતો હોઉં તો મારે શાંતપણે તેનું નિરીક્ષણ અને અભ્યાસ કરવો જોઈએ. તમારો અભિગમ ફક્ત શાંતપણે નિરીક્ષણનો હોવો જોઈએ, અને સતત અભ્યાસનો હોવા જોઈએ. જ્યારે તમને એ વાતનો બોધ કે સાક્ષાત્કાર થાય કે તમે કંઈ પણ કરો તો પણ તમારામાં પરિવર્તન થવાનું નથી, ત્યારે તમારા કાર્યનું શું થાય છે ? જ્યારે તમને તમારા કાર્યની વ્યર્થતા સમજાય જાય તો તમે શું કરો ? શું તમે સંગીત સાંભળવા પ્રયત્ન કરો છો ? સંગીતના આનંદને માણવા માટે તમારે શાંતપણે બેસવાની આવશ્યકતા નથી ? તેજ પ્રમાણે, આપણે કંઈક કરવું જોઈએ એવી ભાવના જ્યારે મનમાં નિર્માણ થાય ત્યારે આપણને એ વાતનું સૂચન મળે છે કે તમે કંઈ પણ કરો, પણ કોઈપણ પ્રકારનું પરિવર્તન થવાનું નથી એ વાત હજી પણ તમને સ્પષ્ટતાપૂર્વક સમજાય નથી.

પ્રશ્નકર્તા : શું ઈચ્છા એ પરિવર્તનની આડે આવે છે ?

કૃષ્ણમૂર્તિઃ શું એમ નથી ? આની શોધ તમે સ્વયં કેમ કરતા નથી ? પરિવર્તનની બાબતે આ શોધ કરવી એ ઘણુંજ સરળ છે.

પ્રશ્નકર્તાઃ જો હું કંઈ પણ કરુ નહી તો પરિવર્તન ઉદ્દભવે જ નહી.

કૃષ્ણામૂર્તિઃ તમે એ કેવી રીતે જાણો ? તમને એની સ્પષ્ટતા છે કે પરિવર્તન અતિઆવશ્યક છે, તમને તેની અગત્યતા સમજાય છે. જ્યારે તમને એ વાતનું આકલન થાય છે. તે તમે આ બાબતમાં કંઈ જ કરી શકો એમ નથી. ત્યારે તમે કંઈ ન કરતા શાંતિથી બેસો છો. તમને ખબર છે કે વિચારની પ્રક્રિયા તમને પરિવર્તન તરફ લઈ જતી નથી. સ્મૃતિ હમેશાં વિચાર ની ચાલક છે અને સ્મૃતિ એ અપૂર્ણ અનુભવ છે. ઈચ્છા એ પણ વિચારની જ પ્રક્રિયા છે. માયાલાપૂર જતો રસ્તો એ વાસ્તવિક વસ્તુસ્થિતિ છે, વાસ્તવિક સ્મૃતિ છે. જ્યારે તે રસ્તાઉપર ચાલનારા લોકો તમને અપૂર્ણ અનુભવ આપે, જ્યારે તે સ્મૃતિ માનસિક સ્મૃતિ બની જાય છે. તમારું જીવન અપૂર્ણ અનુભવથી ઘડાયેલું છે. તે અનુભવ પૂર્ણ થયા વગર તમે કંઈ નહીં પણ કર્મ કરતા રહો છો. તમારી પાસે અસંખ્ય સ્મૃતિ છે અને તમારુ મન મુક્ત બને ત્યાં સુધી તમારે તે સ્મૃતિ ઓગાળી નાખવી જોઈએ શું એ શક્ય છે ? નહીં, તમે તમારા ભૂતકાળને પૂર્ણ ભૂસી શકો નહીં, તમારા કર્મ દ્વારા તમારી ચેતનામાં સમાયેલી ભૂતકાળની બધી બાબત ની તપાસ કરી તેનો અંત આણી શકો ? એ માટે તો સમય લાગે,તપાસણી માટેનું તમારું સાધન અપૂર્ણ છે. આમ કરવામાં કેટલીક વસ્તુ તમારા ધ્યાન બહાર રહી જશે. તેથી તમારા ભૂતકાળના અનુભવની ચકાસણીમાં ચોક્કસપણે ફરીથી તેના ચક્કરમાં ફસાય પડશો. તો પછી તમારે શુ કરવું જોઈએ ?

પ્રશ્નકર્તાઃ બહાર આવો અને નિહાળો કે જ્યારે નવા અનુભવના સંપર્કમાં આવો ત્યારે તમારું શું થાય છે તે જુઓ.

કૃષ્ણમૂર્તિઃ આ તમે તમારા પ્રત્યેક અનુભવ સાથે કરી શકો ખરા ? અને જો તમે તે કરો તો તેમાં કેટલો બધો સમય લાગે ? અને પાછું, તમારી સુસુપ્ત ચેતનામાંથી મળતા સૂચનો પણ તમારે સમજવા જોઈએ અને તેના પર કાર્ય કરવું જોઈએ. તેજ, તમે તે કરી શકો નહી.

પ્રશ્નકર્તાઃ જો તમે તે કરી શકો નહીં, તો તમે શું કરી શકો ? તમારે તેમાંથી બહાર આવવું જોઈએ કે પછી તે સ્વીકારી લેવું જોઈએ.

કૃષ્ણમૂર્તિઃ તમે એવી અવસ્થામાં હોવ છો કે તમને ખબર નહીં હોય કે તમારે શું કરવું જોઈએ ? જ્યારે તમે કહો છો મને ખબર નથી, ત્યારે તેની પાછળ શું હોય છે ?

પ્રશ્નકર્તાઃ તેજ તો જાણવા ચાહું છું.

કૃષ્ણમૂર્તિઃ જ્યારે તમને સમજાય જાય કે હું કાંઈ પણ કરું પણ તે મને પરિવર્તન તરફ લઈ જતું નથી. ત્યારે તમારે શું કરવું જોઈએ ? શું કરવું જોઈએ એ સમજવા માટે તમારે ચોક્કસપણે સમજવું જોઈએ કે શું કરવું એ હું જાણતો નથી, ત્યારે તમે કહો છો 'હું જાણતો નથી' તે વખતે તમે એક નવી જ અવસ્થામાં આવો છો. તેના સંબધમાં તમે કંઈજ નથી.

પ્રશ્નકર્તાઃ શું એવી કોઈ ઓળખ નથી કે જેથી જાણવું શક્ય થઈ શકે ?

કૃષ્ણમૂર્તિઃ હું ભૂતકાળથી છૂટકારો મેળવી શકુ નહીં ભલે હું કંઈ પણ કરુ તો મારે શું કરવું જોઈએ ? હું એના વિષે કંઈનેકંઈ કરવા માગું છું પણ કશું જ કરી શકતો નથી. તેથી ભૂતકાળ કે ભવિષ્યકાળના સંદર્ભમાં શું કરવું એ હું જાણતો નથી. જ્યારે આ વાસ્તવિક્તાની મને અનુભૂતી થાય છે અને હું કહું છું મને ખબર નથી. ત્યારે તે અવસ્થામાં મારું મન ઘણું જાગરૂક અને શાંત હોય છે.

પ્રશ્નકર્તાઃ એ અપેક્ષાની અવસ્થા છે.

કૃષ્ણમૂર્તિઃ જ્યારે તમે અપેક્ષા કરો છો, ત્યારે તે જ્ઞાનના પાયા પર હોય છે, તેથી એવા મનને એ વાતની હજુ પણ અનુભૂતી થઈ નથી, કે એના સંદર્ભમાં તે કંઈ પણ કરી શકે નહીં. પરંતુ, જો તમને એની અનુભૂતી હોય અને ત્યારે તે કહે કે હું જાણતો નથી. ત્યારે તમારું મન અદ્દભૂત એવુ જાગ્રત હશે. 'હું આ છું' એવુંજ્યારે હકારાત્મ અર્થમાં કહેવા માગે તેના કરતા પણ તે વધારે દક્ષ હોય છે, એનો અર્થ એ કે નકારાત્મક વિચાર એ ધ્યાનાવસ્થાનું ઉચ્ચ સ્વરૂપ છે. એ છે વિચારોની સંપૂર્ણપણે નિષ્ક્રિયતા કે વિરામ. તેથી 'અજ્ઞાતપણું' એ મનની નવી અવસ્થા છે જ્યાં ભૂતકાળ અદ્રશ્ય થઈ ગયો છે. કમનસીબે તમે તમારા મનને તે સ્થાન સુધી પહોંચવા દેતા નથી, તમારું મન તમને તે ટપ્પા સુધી જવા દેતું નથી. આમ આ પ્રકારે તમે તમારા મનને ભૂતકાળ થી સંપૂર્ણપણે સ્વચ્છ કરી શકો. અને તમારી ચેતનામાં સમાવિષ્ટ થયેલું બધુંજ ધોવાયને સ્વચ્છ બની જાય એવો માર્ગ છે. ત્યારે ત્યાં તત્કાળ કાર્ય નિષ્પન્ન થાય છે.

જ્યાં સુધી તમારા સંપૂર્ણ અસ્તિત્વમાં એની અનુભૂતી થાય નહીં અને તમે કહો ''હું જાણતો નથી'', ત્યાં સુધી તમે વિચાર ની પ્રક્રિયાને અટકાવી શકો નહીં. એટલે કે અનુભવની પ્રક્રિયામાં (સમજ, સ્પર્શ, સંવેદના, ઈચ્છા, એકરૂપતા) પ્રાપ્તિ મળે છે (સુખની કે દુઃખની)

અને તેની નોંધ (સ્મૃતિ અને મન) છે.

પ્રશ્નકર્તાઃ જ્યાં સુધી હું એમ નહીં કહું કે 'હું જાણતો નથી', ત્યાં સુધી હું ભૂતકાળથી મુક્ત નથી. બરોબર?

કૃષ્ણમૂર્તિઃ તો શા માટે 'હું નથી જાણતો' એમ અત્યારે જ કેમ કહેતા નથી? તત્કાળ આંતરિક પરિવર્તન વિષે આપણે એક ધારી ચર્ચા કરીએ છીએ. તમારા સ્વયંમાં પરિવર્તન લાવવા તમારે શું કરવું જોઈએ એની તમને ખબર છે? કૃપા કરી તે માટે જરા પ્રયત્ન કરો. જ્યારે તમે મારે માટે કોઈ ભેટ લાવો ને તે જો હું ના લઈ તો તે ભેટ મારી નથી. તેજ પ્રમાણે તમારી સામે કોઈ સમસ્યા હોય, અને તમને એ વાત ની અનુભૂતી થાય કે તે સમસ્યા વિષે તમને કંઈજ ખબર નથી, ત્યારે તે સમસ્યા તમારી નથી હોતી.

પ્રશ્નકર્તાઃ માનસિક ભયમાંથી હું મુક્ત થઈ શકતો નથી.

કૃષ્ણમૂર્તિઃ બીજી વખત આપણે એ વિષે ચર્ચા કરશું. અત્યારે જ ઘણું જ મોડું થઈ ગયું છે.

શા માટે 'મને ખબર નથી' એમ કહેવામાં તમને અઘરું લાગે છે? એક કારીગર તરીકે કામ કરવું કે એક વકીલ તરીકે પૈસા કમાવવા સિવાય તમે શું જાણો છો? તંત્ર જ્ઞાન અને બીજા પાસેથી ભેગી કરેલી માહીતી વગેરે સિવાય તમે બીજુ શું જાણો છો? તમે માત્ર સ્મૃતિ ની ગાંસડી છો.

પ્રશ્નકર્તાઃ મને તે ખબર નથી.

કૃષ્ણમૂર્તિઃ નામ, પ્રતિષ્ઠા, ઘર, પૈસો આ બધુ હટાવી દો, તો પછી તમે શું છો? શામાટે તમે એમ કહેતા નથી કે મને ખબર નથી, હું વાસ્તવમાં કંઈ જ નથી, હું કંઈ જ જાણતો નથી. તમારા બધાજ સ્વપ્ન એ સ્મૃતિના ક્ષેત્રમાં રહેલા છે, અને માટે જ તમને કંઈ ખબર નથી. શા માટે તમે તે સ્વીકારતા નથી? શા માટે તમે કંઈજ નથી એનો સામનો કરતા નથી અને કહેતા નથી કે 'મને કંઈજ ખબર નથી'? બધુજ સંપૂર્ણ પણે ઉખેડી નાખો અને કહો 'હું કશું જ નથી' આ સત્યને ઓળખવા નું છે. શા માટે તમે તેનો પ્રત્યક્ષપણે સામનો કરતા નથી એજ તમારી મુસીબત છે. કારણ કે તમે કદી પણ એને જોયું નથી. જ્યારે તમે ખરેખર એ અવસ્થામાં આવો અને તમે જેવાં છો એવા તમારી જાતને નિહાળો ત્યારે તમે કહી શકશો કે ''હું કશુ જાણતો નથી, હું કંઈજ નથી?'' મનમાં રહેલા ભૂતકાળ ને તત્કાલ સંપૂર્ણપણે ઓગળી નાખતો માર્ગ છે. અને તેજ ક્ષણે નવજીવન પ્રદાન કરતો માર્ગ છે. આ ત્યારે જ ઘટે છે જ્યારે તમને ખરેખરમાં એ વાતની અનુભૂતી થાય કે સમજાય અને તમે કહો 'મને ખબર નથી' ત્યારે મન ઉપરથી બધો ભાર ઉતરી જાય છે, અને તે સજાગ ચેતનવંતુ બને છે - વિદ્વાન, ચતુર કે માહિતીસભર નહીં, પણ તદ્દન શાંત, નિષ્ક્રિય એવું દક્ષ હોય છે ત્યારે ફક્ત પ્રત્યક્ષક્રિયા હોય છે.

*મદ્રાસ પાંચમી સામુદાયિક ચર્ચા,*
*૨૦ એપ્રિલ ૧૯૪૮*

### કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર, સહ્યાદ્રી (KFI) વિશેષ અધ્યયન કાર્યશાળા

| | |
|---|---|
| ૧૮ થી ૨૪ જૂન ૨૦૦૮ | 'What is Krishnamurti Teaching' |
| ૭ થી ૧૧ જુલાઈ ૨૦૦૮ | 'Love is a flame without smoke' |
| ૪ થી ૮ ઑગષ્ટ ૨૦૦૮ | 'Relationship is movement is action with another human being' |
| ૧૦ થી ૧૭ સપ્ટેમ્બર ૨૦૦૮ | 'Meditation is the way of total transformation' |

આ કાર્યશાળાના સંદર્ભમાં સહ્યાદ્રી અધ્યયન કેન્દ્રનો સંપર્ક કરવો

### આનંદ વિહાર, કૃષ્ણમૂર્તિ અધ્યયનકેન્દ્ર બદલાપૂર વિશેષ કાર્યશાળા

| | |
|---|---|
| ૧૪ થી ૧૫ જૂન ૨૦૦૮ | Meditation |
| ૧૨ થી ૧૩ જુલાઈ ૨૦૦૮ | What is creation, The Origin, The Beginning? |
| ૯ અને ૧૦ ઑગષ્ટ ૨૦૦૮ | Freedom from self |
| ૧૩ અને ૧૪ સપ્ટેમ્બર ૨૦૦૮ | Problem of Living |

આ કાર્યશાળાના સંદર્ભમાં તેમજ બીજી માહિતી માટે બદલાપૂર અધ્યયન કેન્દ્ર નો સંપર્ક કરવો

**શ્રધ્ધાંજલી ...** જે. કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન મુંબઈ ના સભ્ય પરિવારના વયોવૃધ્ધ, પ્રેમાળ જેષ્ઠ મિત્ર અને સંસ્થાના હિતેચ્છુ, માર્ગદર્શક અને આધાર સ્તંભ જેવા શ્રી હમીરભાઈ વિસનજીનું અલ્પ માંદગીને કારણે ૨૪મી જાન્યુઆરી ૨૦૦૮ ના દિને એમના મુંબઈ સ્થિત રહેઠાણના સ્થળે દુખદ નિધન થયુ. શ્રી હમીરભાઈ મુંબઈ સ્થિત કેન્દ્ર સાથે સંલગ્ન રહી કેન્દ્રના આધારસ્તંભ બનીને રહ્યા, તેમજ કૃષ્ણજીના ગુજરાતી ભાષામાં અનુવાદ થતા પુસ્તકોનું સંચાલન કરતા હૃદય થી કાર્યરત હતા. આજે કૃષ્ણમૂર્તિ પરિવારના બધા જ ઉપક્રમમાં શ્રી હમીરભાઈની ન ભરી શકાય એવી ખોટ સદૈવ રહેશે. અંતરમેળ પત્રિકાના પ્રકાશન સમયે તેમની તીવ્રતા પુર્વકની યાદ પરિવારને આવે છે. 'અંતરમેળ' પત્રિકા તેમને ભાવભરી શ્રધ્ધાંજલી અર્પે છે.

## આનંદ વિહાર અભ્યાસ કેન્દ્ર સંબંધી



જે. કૃષ્ણમૂર્તિ સેલ્ફ એજ્યુકેશન સોસાયટી- મુંબઈ આ સંસ્થાએ મુંબઈની નજીક ૬૦ કિ.મી. અંતર પર આવેલા બદલાપૂરમાં 'આનંદ વિહાર' નામે અભ્યાસ કેન્દ્ર શરુ કર્યુ છે. એ કેન્દ્રને હાલ ત્રણ વર્ષ પૂર્ણ થયા છે. આ કેન્દ્ર શહેરના ઘોંઘાટમય વાતાવરણથી દૂર હોવાથી સંપૂર્ણપણે શાંત એવા નિસર્ગ માં ઉભારવામાં આવ્યું છે. ત્યાં આગળ રહેવા તેમજ જમવાની સગવડતા કરવામાં આવી છે. કૃષ્ણમૂર્તિના બધા પુસ્તકો તેમજ ડિવ્હીડી વગેરે વસ્તુને લાયબ્રેરી હોલમાં રાખવામાં આવી છે. મુંબઈ કે આજુ બાજુમાં આવેલા ધમાલીય વાતાવરણ થી થોડે દૂર આવેલા આ સ્થળે સ્વયં વિષે અભ્યાસ કરવા ઈચ્છતિ દરેક વ્યક્તિ માટે તે ઉપલબ્ધ છે.

અહીં દર મહિનાના બીજા શનિવાર અને રવિવારે કૃષ્ણજીના શિક્ષણનો અભ્યાસ કરવા ઇચ્છતા સર્વમિત્રો એકત્ર થાય છે, અને કૃષ્ણજીના શિક્ષણમાંથી એકાદ વિષય નક્કી કરી એકબીજા સાથે મળી સંવાદ સાધે છે.

સંપર્ક માટે : 'આનંદ-વિહાર, ' જે. કૃષ્ણમૂર્તિ સેલ્ફ એજ્યુકેશન સોસાયટી, જાંભીલઘર, રાહાટોલી ગામની નજીકમાં, બદલાપૂર (પશ્ચિમ), તાલુકા : થાણે - ૪૨૧ ૫૦૩
ટે.નં. -૯૮૨૨૩૪૭૪૫૪, (૦૨૨) ૨૫૧૫૩૦૯૪ • ઇ મેલ : zilog@vsnl.com

## શાંત, સ્થિર મન જ પરિવર્તન લાવી શકે

કોઈપણ બાબત, કોઈપણ માનવીય કે તંત્રજ્ઞાનના પ્રશ્નને સમજવા માટે શું મહત્ત્વનું છે શું જરૂરી છે? માત્ર શાંત મન જે મન સમજવા માટે આતુર હોય એવું મન, ખરુ ને? જે મન અમુક વિચારને બાતલ કરે છે. અમુક વિચારો પર એકાગ્ર થવા પ્રયત્ન કરે છે તેવું મન નહીં. કારણ કે એ પણ એક પ્રકારનો પ્રતિકાર કરવાનો જ પ્રયાસ છે. જો હું કોઈ પણ બાબત સમજવા માગતો હોઉં તો મનમાં શાંત અવસ્થા તરત જ આવે છે. જ્યારે તમે સંગીત સાંભળવા માગતા હોવ, જ્યારે તમને પસંદ હોય, તમને ગમતુ હોય એવું કોઈ ચિત્ર જોવા ચાહતા હો, ત્યારે તમારા મનની કેવી સ્થિતિ હોય છે? તરત જ મન શાંત થાય છે નહીં વારુ? જ્યારે તમે સંગીત સાંભળતા હો ત્યારે તમારું મન ગમે ત્યાં ભટકતું નથી. તમે કેવળ સાંભળો છો એવી જ રીતે તમે સંઘર્ષ સમજવા માગતા હો ત્યારે તમે કાળ પર જરાપણ અવલંબન રાખતા નથી; તમે તો જે છે તેનો જ એટલે કે તમે ઘર્ષણની સન્મુખ હોવ છો. એ સમયે તરત જ મનની શાંતિ, સ્થિરતા આવે છે. જે છે એનું પરિવર્તન કરવા માટે સમયને સાધન તરીકે વાપરવાની ક્રિયા વ્યર્થ છે એના પર આધાર રાખવો અર્થહીન છે. એ તમારા ધ્યાન માં આવે છે ને તમે કાળને સાધન તરીકે વાપરતા નથી એટલે જે છે એનો જ તમારે વિચાર કરવાનો છે કે સામનો કરવાનો છે આથી જે છે એને સમજવામાં તમને રસ છે જીજ્ઞાસા છે એટલે સ્વાભાવિક રીતે તમારું મન શાંત થાય છે. મનની દક્ષતા ભરેલી નિષ્ક્રિય અવસ્થામાંજ સમજ નો બોધ થાય છે. જ્યાં સુધી મનમાં ઘર્ષણ, દોષ દૃષ્ટિ, પ્રતિકાર, તિરસ્કાર ઉપસ્થિત છે ત્યાં સુધી સમજ પ્રાપ્ત થતી નથી. જો હું તમને સમજવા માંગતો હોઉં તો એ કહેવાની જરૂર નથી મારે તમારો તિરસ્કાર ન કરવો જોઈએ. એ સ્પષ્ટ છે. એવું શાંત, સ્થિર મન જ પરિવર્તન લાવી શકે છે. મન જ્યારે પ્રતિકાર કરતું ના હોય છટકતું ન હોય, દૂર ભાગી છૂટતું ના હોય, જે છે એમાં દોષ શોધતું ના હોય પણ જે છે એની નિષ્ક્રિય પણે જાણ થાય ત્યારે મનની એ નિષ્ક્રિયતા માં જો તમે પ્રશ્નમાં ઊંડા ઊતરશો, તો તમને જણાશે કે પરિવર્તન શક્ય બને છે.

*મુક્ત જીવન*
*પ્રકરણ ૨૦ - 'કાળ અને પરિવર્તન'*

**જે.** કૃષ્ણમૂર્તિનું શિક્ષણ તમામ લોકો સુધી પહોચે એ દૃષ્ટિથી 'કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઈન્ડિયા' આ સંસ્થા કાર્યરત છે. ફાઉન્ડેશનને ચેન્નયી, ઋષિવેલી, બેંગ્લોર, મુંબઈ, વારાણસી અને સહ્યાદ્રીમાં અધ્યયન કેન્દ્ર, શાળાઓની સ્થાપના કરી છે. ઘણે ઠેકાણે ત્યાંના ગ્રામિણ ભાગમાં સમાજ વિકાસ કેન્દ્રનું સ્થાપન કર્યું છે.

શિક્ષણ, સંશોધન, સાંસ્કૃતિક અને પર્યાવરણના વિષયમાં જુદાજુદા ઉપક્રમ સંસ્થા એ હાથ ધર્યા છે. કૃષ્ણજીના પુસ્તકો અને એ પુસ્તકોના અનુવાદ, ડિવ્હીડી વગેરે સર્વને મળે અને તેના વિતરણનું કાર્ય સંસ્થા દ્વારા કરવામાં આવે છે.

કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઈન્ડિયા નું મુખ્ય કાર્યાલય :
કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઈન્ડિયા
વસંત વિહાર, ૧૨૪, ગ્રિનવેજ રોડ, ચેન્નયી-૬૦૦૦૨૮
દૂરધ્વની : (૦૪૪) ૨૪૯૩ ૭૮૦૩/૭૫૯૬
ઇમેલ : kfihq@md2.vsnl.net.in
વેબસાઈટ : www.kflonline.org

ફાઉન્ડેશનની બીજી શાખા અને કાર્યશાળાના વિષયમાં ઉપરોક્ત સરનામા પર સંપર્ક કરવો.

કૃષ્ણમૂર્તિ ના વિષયમાં કેટલીક વેબસાઈટ :
http://jkrishnamurti.org
www.kfionline.org
www.kfa.org
www.kfoundation.org
www.kinfonet.org

કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઈન્ડિયાનું મુંબઈ કેન્દ્ર હિંમત નિવાસ, મલબાર હિલમાં છે. અહીં કૃષ્ણજી ના બધા પુસ્તકો, ડીવ્હીડી, ઉપલબ્ધ છે. બાલ આનંદ - બાલવિકાસ કેન્દ્ર, મુંબઈ સ્થિત આ કેન્દ્ર સાથે સંલગ્ન છે.

કેન્દ્ર તરફથી વખતો વખત કૃષ્ણમૂર્તિના શિક્ષણના અનુસંધાનમાં જીવનનો ગહનતાપૂર્વક અભ્યાસ કરનાર વિચારવંતોના પ્રવચનનું આયોજન કરવામાં આવે છે. દર શનિવાર અને રવિવારે કૃષ્ણજીના વાર્તાલાપ અને સંવાદોની વ્હીડીયો નો કાર્યક્રમ રાખવામાં આવેલ છે. તેમજ દર ગુરૂવારે સમુહ વાર્તાલાપનું આયોજન કરવામાં આવ્યું છે.

સેંટ ઝેવિયર્સ કૉલેજમાં દર મહિના ના પહેલાં શુક્રવારે વ્હીડીયો નો કાર્યક્રમ હોય છે એને તેના પછી આવતા સોમવારે તે વિડીયોના વિષય પર સંવાદનું આયોજન કરવામાં આવે છે. મુંબઈમાં આવેલી કૉલેજ અને શાળામાં વિદ્યાર્થી અને શિક્ષક સાથે સંવાદનો કાર્યક્રમ સંસ્થા યોજે છે.

**સંપર્ક:** કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઈન્ડિયા
બોમ્બે એક્ઝેક્યુટીવ કમિટી, હિમત નિવાસ,
૩૧, ડોંગરસી રોડ, મલબાર હિલ, મુંબઈ-૪૦૦૦૦૬
દૂરધ્વની: ૨૩૬૩૩૮૫૬
ઇમેલ : kfimumbai@gmail.com

'અંતરમેળ' આ વૃતપત્રિકા દર ચાર મહિને પ્રસિધ્ધ થતી પત્રિકા છે. કૃષ્ણજીના શિક્ષણના અભ્યાસ કરવા ઈચ્છીત વ્યક્તિ માટે કૃષ્ણજીના સાહિત્ય નો ગુજરાતી અનુવાદ, તેમના શિક્ષણને લગતા લેખ, સંસ્થાના કાર્યક્રમ તેજ અભ્યસકેન્દ્રની તેમજ પુસ્તક વગેરેની માહિતી આ પત્રકિામાં પ્રકાશીત કરવા માં આવશે. આપને આ પત્રિકા આપના સરનામે મળે એવી ઇચ્છા હોય તો અમારા મુંબઈ કેન્દ્ર ના સરનામા પર પત્ર દ્વારા કે ઈમેલ દ્વારા ખબર કરવી. કૃપા કરી તમારું સંપૂર્ણ નામ, સરનામુ, ફોન નંબર અને ઈમેલ હોય તો તે જણાવશો.

Published in January, May, September — Periodical

*If undelivered please return to :*
**Krishnamurti Foundation India**
Bombay Executive Committee, Himmat Niwas, 31, Dongersey Road,
Malabar Hill, Mumbai - 400 006.
Tel.: (022) 2363 3856 Email : kfimumbai@gmail.com

*Published by P.V. Dabholkar on behalf of Krishnamurti Foundation India, Bombay Executive Committee, Himmat Niwas, 31, Dongersey Road, Malabar Hill, Mumbai-400 006.*
*Printed by S.V. Limaye at India Printing Works, 42, G.D. Ambekar Marg, Wadala, Mumbai - 400 031. E-mail : ipw@vsnl.net ● Translation : Harshad Panchal*
*Designed by Eurythmic Designs, Rite-Print-Pak, Mumbai- 400 013. E-mail : info@Eurythmicdesigns.com ● Editor : Indira Doctor*